સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના
અમલ બાબત ( ચોથો તબક્કો )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
સચિવાલય, ગાંધીનગર
તા: ૨૧-૪-૨૦૦૫

સંદર્ભ: (૧) વિભાગનો ઠરાવક્રમાંક : સીડીએમ-૨૦૦૪-૩૫-૨૯૦૪-કર
તા: ૧-૪-૨૦૦૫

**પૂર્વભૂમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંર્તગત ચોથો તબક્કો તા: ૧-૪-૦૫ થી અમલમાં આવેલ છે જે અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં ચેકડેમો બાંધવાની કામગીરી ૮૦:૨૦ માં કરવાની સરકારે સ્વીકૃતિ આપેલ છે. આ અંગેનો ઠરાવ ઉપરોક્ત સંદર્ભ (૧) થી બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ઠરાવ અંગે તા: ૪-૪-૨૦૦૫ ના રોજ માનનીય ચેરમેનશ્રી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ-શ્રી નીતિનભાઇ પટેલ ( ગુજરાત ક્ષેત્ર) તેમજ શ્રી બાબુભાઇ બોખીરીયા (ચેરમેનશ્રી સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્ર) સાથે મુખ્ય ઇજનેરશ્રી (સૌ) અને અ.સ.શ્રી ચર્ચા કરેલ હતી તેમણે કેટલાક મુદ્દાઓનો સમાવેશ ઠરાવમાં કરવા અંગે પણ સુચન કરેલ. આ ઉપરાંત સૌ પ્રયોજકો/લાભાર્થીઓના હિતમાં તેમજ વહીવટી સરળતા અને સુગમતા માટે નીચે મુજબની કેટલીક જોગવાઇઓ ઉમેરવી જરૂરી જણાય છે.

(૧) ઔદ્યોગિક ગૃહો/ સ્વૈચ્છિક સંસ્થાઓ / લાભાર્થીઓ/પ્રયોજકો ચોથા તબક્કા અંતર્ગત ચેકડેમો બાંધકામ અંગેની પોતાની અરજીઓ નવેસરથી તા: ૧૫-૫-૨૦૦૫ સુધીમાં કરી શકશે જેને માન્ય ગણવામાં આવશે

(૨) અરજદારની અરજીઓ સરકારશ્રી દ્વારા નામંજુર કરવામાં આવે ત્યારેં અરજદારે અરજી સાથે જોડેલ ડિપોઝીટની રકમ અરજદારને પરત કરવાની રહેશે. જો કોઇ અરજદારે ત્રીજા તબક્કા અંતર્ગત ચેકડેમ બનાવવા અરજી કરેલ હોય અને કામ શરુ થયેલ ન હોય તેવા કિસ્સામાં આ અરજદાર ચોથા તબક્કા અંતર્ગત ચેકડેમ બનાવવા અરજી કરે તો ત્રીજા તબક્કા હેઠળ ભરેલ ડિપોઝીટ ચોથા તબક્કામાં મજરે લેવાની રહેશે.

(૩) રૂ ૧૫ લાખથી વધુ અંદાજિત રકમ ધરાવતા ચેકડેમોના બાંધકામમાં વપરાતા માલસામાન જેવા કે સિમેન્ટ, રેતી, એગ્રીગેટ વિગેરેનું પરિક્ષણ/ ટેસ્ટીંગ ઔદ્યોગિક ગૃહો/ સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાના ખર્ચે કરાવવાનું રહેશે તેવી જોગવાઇ કરીએ.

(૪) તબક્કા-૩ ના નિયતનમુનાના અરજીપત્રકમાં તા: ૧-૪-૨૦૦૫ ના ૮૦:૨૦ ના પરિપત્રને ધ્યાને લઇ જે કોઇ સુધારા વધારા કરવાના થાય તે સ્થાનિક કક્ષાએ કરી અરજીપત્રકનું વિતરણ કરવાનું રહેશે. આ અંગેની જાહેર નિવિદા અંગેની નિયમ અનુસારની કાર્યવાહી કરવાની રહેશે અને અરજીપત્રક ઉપર “ચોથો તબક્કો” લખવાનું રહેશે.

(૫) નાના ચેકડેમો માટેની તા: ૧-૪-૨૦૦૫ ના ઠરાવની જોગવાઇઓ આપેલ છે જેમાં માત્ર ખેડૂત લોકજૂથો જ ભાગ લઇ શકશે. સ્વૈચ્છિક સંસ્થાઓનો સમાવેશ આમાં થતો નથી જે બાબત ધ્યાને લેવાની રહેશે.

(૬) નાઃ ૧-૪-૦૫ ના બહાર પાડેલ ઠરાવમાં ચેકડેમની જુદી જુદી આઇટમોના ભાવ અંગેના પેરાઓના આપવામાં આવેલ ટેબલના મથાળામાં નિર્દિષ્ઠ કરેલ આઇટમોમાં ચણતર, અને પ્લાસ્ટર જેવી આઇટમોનો ઉલ્લેખ કરેલ છે પરંતુ બાંધકામની કામગીરીમાં આ આઇટમો વાપરવાની રહેતી ન હોઇ કોષ્ટકમાં દર્શાવેલ નથી તેથી મથાળાના શબ્દો રદ ગણવાના રહેશે.

(૭) ત્રીજા તબક્કાના કામો કે જેમાં માત્ર પાયાનું જ ખોદકામ કરેલ હોય તેવા કામો જો સ્વૈચ્છિક સંસ્થાઓ સિવાયના ખેડુત લોકજૂથ દ્વારા બનાવવામાં આવતા હોય તો તેવા કિસ્સાઓમાં ચોથા તબક્કા હેઠળ તબદીલ થઇ શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમે અને નામે

વિવેક.પી.કાપડિયા
ઉપસચિવ (જળસંચય)

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય અધ્યક્ષશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી(જળસંપત્તિ)ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- ગુજરાત રાજ્યના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ
- ગુજરાત રાજ્યના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
- સર્વે સંસદસભ્યશ્રીઓ
- સર્વે ધારાસભ્યશ્રીઓ
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત રાજ્ય જળસંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- નર્મદા, જળસંપત્તિ, પાણીપૂરવઠા અને કલ્પસર વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ
- રાજ્યના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

- રાજ્યના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, રાજકોટ/ અમદાવાદ
- શ્રી નીતિનભાઇ પટેલ - ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી બાબુભાઇ બોખીરીયા- ચેરમેન સ.પ.સ.જ.સં.યો. કાર્યાન્વયન સમિતિ
- શ્રી ધીરેન પંડ્યા એસોસીયેટસ ચાર્ટડ એકાઉન્ટન્ટ